# IKS Internship progress report

सत्यमेव जयते
Ministry of Education
Government of India

# भारतीय ज्ञान संवाहिनी - १


"માનવ પરંપરાના ઉત્થાન માટે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિનો અભ્યાસ"

ઇન્ટર્ન નું નામ:- આદિત્યસિંહ પરીક્ષિતસિંહ જાડેજા

મેન્ટર નું નામ:- રત્નોત્તર જીગર ભાનુશંકર

## Certification by the Intern


I declare that this report represents my ideas in my own words and where others' ideas or words have been included, I have adequately cited and referenced the original sources. I declare that I have properly and accurately acknowledged all sources used in the production of this report. I also declare that I have adhered to all principles of academic honesty and integrity and have not misrepresented or fabricated or falsified any idea/data/fact/source in my submission. I understand that any violation of the above will be a cause for disciplinary action by the IKS Division and can also evoke penal action from the sources which have thus not been properly cited or from whom proper permission has not been taken when needed. I hereby declare that the details given above are true to the best of my knowledge."




**Signature of the Intern**

## Certification by the Mentor

I hereby certify that the above report is true and the work was performed under my mentorship.



**Signature of Mentor**

અનુક્રમણિકા


| ક્રમ | ટોપિક | પાના નંબર |
|---|---|---|
| 01 | એબ્સ્ટ્રેક્ટ | 01 |
| 02 | કાર્યકારી સારાંશ | 02 |
| 03 | પરિચય | 05 |
| 04 | પૃષ્ઠભૂમિ | 13 |
| 05 | પ્રોજેક્ટ નું વર્ણન | 14 |
| 06 | પ્રક્રિયા | 14 |
| 07 | પરિણામ | 14 |
| 08 | ચર્ચા | 15 |
| 09 | નિષ્કર્ષ | 15 |
| 10 | એક્નોલેજમેંટ્સ | 15 |
| 11 | સંદર્ભો | 15 |

એબ્સ્ટ્રેક્ટ

આ સંશોધનનો ઉદ્દેશ વિશ્વમાં સુખાકારી માટેની પદ્ધતિ ના આધારે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા નું  વિશ્લેષણ કરવાનો છે. આ સંશોધનમાં ભારતીય સંસ્કૃતિ, ભારતીય સભ્યતા, ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનો આંતરિક સંબંધ, ભારતીય સંસ્કૃતિ પર પશ્ચિમી સંસ્કૃતિની અસર જેવા પાસાઓ છે. આ સંશોધનના આધારે ભારતીય પૌરાણિક સંસ્કૃતિ અને તેની સમૃદ્ધ સભ્યતાનું દર્શન થશે. આજે જ્યારે ભારતની સમકાલીન સભ્યતાઓ સમય સાથે લુપ્ત થવાને આરે છે, ત્યારે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા હજુ પણ અડીખમ રહી છે; આમ આ સંશોધન કાર્ય ભારતીય જ્ઞાન પ્રણાલીનું વિસ્તૃત ચિત્રણ મેળવવામાં સહાયક બનશે.

ભારતીય  જ્ઞાન પરંપરાની અંતર્ગત આ અધ્યયનમાં ભારતીય  સભ્યતા અને સંસ્કૃતિ નો વિસ્તૃત અભ્યાસ થશે. પશ્ચિમી સંસ્કૃતિ ના કારણે જે આધુનિક સમયના સામાજિક અને નૈસર્ગીક દુષ્પરિણામો ના નિવારણ માટેના તારણો લાવવાનો પ્રયાસ કરીશું. આજ ના સમયમાં માનવ જ્યારે વિવિધ પ્રકારની તકલીફો વેઠી રહ્યો છે તેના માટે માનવ ઉત્થાન ના અર્થમાં સભ્યતા અને સંસ્કૃતિનું વિસ્તૃત વર્ણન કરવાનો પ્રયાસ રહેશે.વસુધૈવ કુટુંમ્બકમ્- આખું વિશ્વ એક પરિવાર છે, સૂત્રને સાર્થક કરવા માનવ પરંપરાનું યોગદાન નો પણ સમાવેશ થશે. આજ ના સમયમાં પશ્ચિમી સંસ્કૃતિ, વૈશ્વિકરણ , આધુનિકરણ ના ભાગ રૂપે ભારતીય લોકો તેમની મૂળ સંસ્કૃતિ અને સભ્યતા ને ભૂલી રહ્યા છે.લોકોમાં થી કૌટુંબિક ભાવના ખોવાઈ રહી છે. તેના ઉકેલો લાવવામાં આ અધ્યયન સહયોગી બનશે. આ અધ્યયન દ્વારા પૌરાણિક ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા ને પુનઃ સ્થાપિત કરવાનો ઉપાય મળશે.

આપણી અત્યારની ભારતીય સંસ્કૃતિ અને સભ્યતામાં પશ્ચિમી સંસ્કૃતિ,આધુનિકરણ અને વૈશ્વિકરણના કારણે ઘણા પાસાઓ માં નકારાત્મક પરિવર્તન આવ્યા છે. પણ જો અપડે તેના ઉપર ગંભીરતા થી ધ્યાન આપી શકી તો તેનો ઉકેલ લાવવો સરળ છે.કોઈપણ સંસ્કૃતિને મજબૂત બનાવવા અને સમાજનો વિકાસ કરવા માટે બાળકો અને યુવા પેઢી માનસિક, સામાજિક રીતે મજબૂત હોવી જોઈએ. શારીરિક, ટેકનિકલી અને સાંસ્કૃતિક રીતે. અને જો આપણી સંસ્કૃતિ મજબૂત હશે અને સમાજનો વિકાસ થશે તો આપણો દેશ આપોઆપ વિકસિત દેશોની યાદીમાં આવી જશે.

**Abstract**

The objective of this research is to analyze Indian culture based on the methodology for well-being in the world. This research has aspects like Indian culture, Indian civilization, Indian culture and civilization internal relationship, impact of western culture on Indian culture. This research will give a glimpse of the ancient Indian culture and its rich civilization. Today, when the contemporary civilizations of India are on the verge of extinction with time, Indian civilization and culture are still intact; Thus this research work will help in getting a comprehensive picture of the Indian knowledge system.

Within the framework of the Indian knowledge system, this study will provide an extensive study of Indian civilization and culture. We will try to draw conclusions to address the social and natural evils of modern times caused by Western civilization. In today's time when man is suffering from various kinds of problems, there will be an attempt to elaborate civilization and culture in the sense of human upliftment. Vasudhaiva Kutumbakam- The whole world is one family, the contribution of human tradition will also be included to make the sutra meaningful.In today's time, as part of western culture, globalization, modernization, Indian people are forgetting their original culture and civilization. Family spirit is being lost from people. This study will be helpful in bringing its solutions. This study will find ways to restore the ancient Indian culture and civilization.

Our current Indian culture and civilization has undergone negative changes in many aspects due to western culture, modernization and globalization. But it is easy to solve it if society can pay serious attention to it. To strengthen any culture and develop the society, children and the young generation should be mentally, socially strong. Physically, technically and culturally. And if our culture is strong and society develops then our country will automatically be in the list of developed countries.

કાર્યકારી સારાંશ

શરૂઆત થી જ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા સમૃદ્ધ અને સફળ રહી છે. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાની શરૂઆતને આર્યોના આગમન થી જોડવામાં આવે છે જેને વૈદિક કાળ પણ કહેવાઈ છે. પરંતુ આર્યોના આવ્યા પહેલા પણ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા હતી જે દ્રવિડ લોકો દ્વારા સ્થાપવામાં આવી હતી. દ્રવિડો ના બાળકો પિતાના નામે નહિ પણ માતાના નામે ઓળખાતાં. તે ધાતુઓનો ઉપયોગ જાણતા હતા. તે ધાતુઓનો ઉપયોગ જાણતા, તે સોના-ચાંદીના ઘરેણાં પહેરતાં. તે સારી શિલ્પકળા જાણતા. હોડી અને વહાણો બનાવાની કાળા પણ તેમની પાસે હતી જેથી તે નદી અને સમુદ્ર માર્ગે દૂરદૂરનાં સ્થળો અને દેશો સાથે વેપાર પણ કરતા. તેમની લેખન કળા વિકસિત હતી. તે શિવ ને પૂજતા. તેનો વર્ણ શ્યામ હતો, તેમ છતાં વિશાલ નેત્રોવાળા અને દેખાવડા હતા. મૃત શરીરને કફનમાં લપેટીને તે દાટતાં તેમજ સાથે હથિયારો અને ખાવાના પદાર્થો પણ મૂકતા. દ્રવિડો પોતાના ધર્મ, ભાષા,અને સંસ્કારોની ભેટ ભારતની અનેક આદિવાસી જાતિઓને આપી. તમિલ જે સૌથી જૂની ભાષા કેહવાઈ છે, તેલુગુ, કન્નડ, મલયાલમ આદિ ભાષાઓ મૂળ દ્રવિડ ભાષામાંથી ઉદ્ભવી છે. દ્રવિડ ભાષાનો આ ફેલાવો આર્યોના આગમન સાથે તૂટી ગયો. આર્યો ભારતમાં આવ્યા તે પહેલા દ્રવિડો ઉપરાંત કૌલ, અસુર, નિષાદ, શંબર, કિરાત આદિ કેટલીક જાતિઓ અસ્તિત્વ ધરાવતી હતી.

ભારતમાં સિંધુ ખીણની સંસ્કૃતિ આર્યોના ભારતમાં આવ્યા પહેલેથી જ હતી. તેના સર્જક કોણ હતા અને તેઓ ક્યાંના હતા તે આપણે જનતા નથી, પરંતુ એક શક્યતા છે કે તે લોકો દ્રવિડો જ હતા. જો આ સંસ્કૃતિ ભારતભૂમિની પેદાશ છે તો શક્ય છે કે તેના મૂળિયાં અને તેની શાખા-પ્રશાખા કદાચ દક્ષિણ ભારત સુધી લંબાતા હોઈ. ઘણા વિદ્વાનો ને આ સંસ્કૃતિના સર્જકો અને દક્ષિણના દ્રવિડ લોકો વચ્ચે સામ્ય દેખાયું છે. જો કોઈ પણ કાળે ભારતમાં બહારની પ્રજા આવી હોય તો તે પણ મોહેન્જોદડો સમય પહેલાં હજારો વર્ષ પહેલાં આવી હશે અને જો આ લોકો આઠ હજાર વર્ષ પહેલાં બહારથી પણ આવેલા હોય તો પણ વાસ્તવિક રીતે આપણે તેમને ભારતના જ રહેવાસી ગણવા જોઈએ.

સિંધુ ખીણની સંસ્કૃતિ પછી સહેજે હજારેક વર્ષ બાદ આર્યો ભારતમાં આવ્યા હશે.આર્યોનું આગમન પણ એક જ તબક્કામાં નથી થયું પણ વખતોવખત આગમનની આ પ્રક્રિયા ચાલુ રહી. આર્યો આવ્યા અને ભારતની પ્રજામાં ભળી ગયા. એમ પણ કહી શકાય કે સિંધુખીણ સંસ્કૃતિના પ્રતિનિધિ સમી ભારતની દ્રવિડ સભ્યતા અને આર્યોની સભ્યતા વચ્ચે સમન્વય સાધીને બે સંસ્કૃતિઓ લાંબે ગાળે એકબીજામાં સમરસ થઇ ગઈ. આ બે સંસ્કૃતિ ના સમન્વય-સંમિલનથી ભારતમાં વિવિધ જાતિઓ અને એક નવી સંસ્કૃતિ નો જન્મ થયો, જેમાં બંને સંસ્કૃતિ ઉત્તમ અંશો હતા. ત્યાર બાદ આ દેશમાં ઈરાનીઓ,ગ્રીક,પર્શિયન, બેક્ટ્રિયન, સિથિયન, હુણ, તુર્કો, ઝોરાસ્ટ્રીયન પણ ભારતમાં આવ્યા હશે.

ભારતીય આર્ય સંસ્કૃતિ વસ્તુતઃ ભૌતિકવાદી હતી. ઋગ્વેદના મંત્રદ્રષ્ટા ઋષિઓ પણ વ્યવહારુ અને કુમળા દુન્યવી પ્રેર્યા હતા. આ સંસ્કૃતિના લોકો ઇજિપ્તના લોકોની જેમ ક્થાઓ કંડારનારા ન હતા. એટલે જ આપણે સંસ્કૃતિ કાળના શિલ્પો-ચિત્રો કે અન્ય અવશેષો આપણને મળી આવ્યાં નથી. આર્યો મૂર્તિ કે સ્વરૂપ ના પૂજકો ન હતા, પરંતુ કુદરતનાં એટલે કે વાયુ, પૃથ્વી, અગ્નિ, પાણી અને આકાશ જેવા તત્વોને જ દેવી સ્વરૂપ માનીને તેમની પૂજા-અર્ચના કરતા આ બધા દેવો ચંદ્ર, સૂર્ય, મેથ જેવા કુદરતનાં જુદા જુદા સ્વરૂપોના સ્થાને હતા. આમ, આર્યોનો ધર્મ વિશેષત પ્રકૃતિનાં અલૌકિક ભવ્ય અને સુંદર રૂપોની સ્મૃતિની ભર્યો ભર્યો હતો. આર્યોએ સંસ્કૃતિને અસાધારણ કોટિ વિકસાવીને પ્રજાને અમૂલ્ય એવા જે વિશાળ વારસો આપ્યો તે વેદોનો સમગ્ર પૃથ્વીવાસીઓ ઉપકારક એવાં પ્રાકૃતિક

અને પ્રભાવક તત્વોની તેમણે પૂજા કરી અને સ્તુતિઓ ગાઈ. આ સમયને વૈદિક યુગ કહેવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા ને આર્યન સાથે જોડવામાં આવે છે કારણ કે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા માં તેમની મોટી ભૂમિકા હતી. ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા વૈદિક કાળમાં તેના ઉચ્ચ શિખરે હતી. તે સમયથી લઈને આજ સુધી માં આપડી આ સંસ્કૃતિમાં ઘણા પરિવર્તનો આવ્યા અને ઘણા સુધારા-વધારા પણ થયા. વિદેશી આક્રમણો થતા ગયા અને તેમની સંસ્કૃતિની અસર આપણી સંસ્કૃતિ ઉપર પડ્યો.તે લોકો ની ભાષા એ આપણી ભાષા ઉપર પણ અસર પડ્યો જેને આપણે આજ ના સમયમાં જોઈ રહ્યા છીએ. સંસ્કૃત ભાષા જે આપણી સંસ્કૃતિની અને પૌરાણિક ભાષા છે તે હવે બોલાતી નથી. હિન્દી જે સંસ્કૃતમાં થી બનેલી એક ભાષા છે તેમાં આપણે ઉર્દૂ નો પ્રભાવ જોઈ શકીયે છીએ, જેને મુઘલ શાસન દ્વારા અને ઇસ્લામી આક્રમણકારીઓ દ્વારા અપનાવાતી ભાષા છે. આજ ના સમયની જો વાત કરીએ તો આપણી સંસ્કૃતિ અને સભ્યતા ઉપર સૌથી મોટી અસર પશ્ચિમી સંસ્કૃતિની છે. તેનો સૌથી ઓટો અસર આપણી યુવા પેઢી ઉપર પડી રહ્યો છે. આચાર, વિચાર, વ્યવહાર, સંબંધ, આહાર, પહેરવેશ માં તેની અસર દેખાઈ છે. અને તેનાથી આપણી સંસ્કૃતિ અને સભ્યતા નો ખતરો છે.

પશ્ચિમી સંસ્કૃતિ થી ખાલી આપણી સંસ્કૃતિને જ નહિ પણ લોકો ને પણ તેના થી નુકસાન થઈ છે. સમાજમાં ગુનાહો વધી રહ્યા છે, નાની નાની વાત પર લોકો એક બીજા ના દુશ્મન બની જાય છે. સામાન્ય વાતમાં પણ લોકો ખૂન કરી નાખે છે. એક સમયે જ્યારે ભારતમાં સ્ત્રીઓનું સન્માન થતું, તેમને દેવીનું રૂપ કહેવાતું, જેમને લક્ષ્મી અને સરસ્વતી માનવામાં આવતા તેઓ આજે તેમના ઘરમાં જ સુરક્ષિત નથી. એક સમયે ભારતમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના હતી પણ આજે લોકો તેમના જ પરિવાર સાથે રહેવા તૈયાર નથી, તેઓ ને ન્યૂક્લિયર પરિવાર માં રહેવું ગમે છે. જો આપણે આપણી સંસ્કૃતિ ને બચાવવી હોય તો તેના ઉપર ગંભીરતા થી ધ્યાન દેવું પડશે. સ્કૂલ અને કોલેજમાં વિદ્યાર્થીઓ ને સંસ્કૃત ભણવામાં આવે તો આપણી એ ભાષાને લુપ્ત થવાનો ખતરો નહિ રહે. જો તેમને નાનપણથી જ આપણી સંસ્કૃતિ અને સભ્યતા વિશે ભણવામાં આવશે તો તેઓ પશ્ચિમી સંસ્કૃતિથી પ્રભાવિત નહીં થાય. આપણી સંસ્કૃતિ જે  શિક્ષા આપે છે જેમ કે વડીલોનું આદર કરવું, સ્ત્રીઓનું સન્માન કરવું, ખોટા કામો કરવાથી છેટાં રહેવું, વગેરે થી સમાજ માં સુધારો આવશે અને જીવન જીવવું સરળ બની જશે. જેમ જેમ આપણે આપણી સંસ્કૃતિ અને સભ્યતા તરફ પ્રયાણ કરીશુ તેમ તેમ આપણે સમૃદ્ધ થતાં જઈશું.

આપણી સંસ્કૃતિ અને સભ્યતા ની એક ધરોહર હતી 'વસુધૈવ કુટુમ્બકમની ભાવના જે ભારતીયોમાં હતી, જેને સાચા અર્થમાં સમજીને અને અપનાવીને માનવ સંસ્કૃતિ અને સભ્યતા સમૃદ્ધ થઈ શકે છે. વસુધૈવ કુટુંમ્બક્મ શાંતિ અને સહયોગને સમર્થન આપે છે, સમૃદ્ધિ અને સફળતા પામવા અનિવાર્ય છે.

વસુધૈવ કુટુંમ્બક્મ નો અર્થ છે કે આખું વિશ્વ એક કુટુંબ છે. તેથી અહીં વૈદિક ઋષિઓ કહે છે કે આખું વિશ્વ ખરેખર એક કુટુંબ છે. વિશ્વ એક નાના, ચુસ્તપણે ગૂંથેલા, ન્યુક્લિયર ફેમિલી જેવું છે. "આ વ્યક્તિ મારી છે, અને આ નથી" એવો ભેદ માત્ર સંકુચિત માનસિકતા વાળા (એટલે કે અજ્ઞાનીઓ જે દ્વૈતમાં છે) દ્વારા કરવામાં આવે છે. ઉમદા આચરણ કરનાર માટે (એટલે કે જે પરમ સત્યને જાણે છે) આખું વિશ્વ એક કુટુંબ (એક એકમ) છે. 'કુટુંબ' વગેરે શબ્દોનો અર્થ ઉપનિષદ જે વાત કરી રહ્યું છે તેના સંદર્ભમાં સમજવો જોઈએ. તે સત્યને સમજનાર, વિશ્વની અનેકતા થી આગળ વધનાર માણસની ગુણવત્તાનું વર્ણન કરે છે. ઉપનિષદ મંત્ર એ કોઈ ભૌગોલિક-રાજકીય-સામાજિક-સાંસ્કૃતિક વિધાન નથી. તે હકીકત છે.'આ મારું પોતાનું અને એ અજાણ્યું' – એ સંકુચિત મનની ગણતરી છે જો કે, ઉદાર-હૃદય માટે, સમગ્ર પૃથ્વી માત્ર એક કુટુંબ છે'

**Executive summary**

Indian culture and civilization has been rich and successful since the beginning. The beginning of Indian culture and civilization is associated with the arrival of the Aryans which is also known as the Vedic period. But even before the arrival of the Aryans there was Indian culture and civilization which was founded by the Dravidians. Dravido's children were not known by their father's name but by their mother's name. They knew the use of metals. They knew the use of metals, they wore gold and silver ornaments. He knew good art.They also had the skills to build boats and ships so that they could trade with distant places and countries by way of rivers and seas. His writing was developed in black. They worshiped Shiva. His complexion was dark, yet large-eyed and good-looking. They would wrap the dead bodies in shrouds and bury them along with weapons and food items. The Dravidians gifted their religion, language, and rituals to many tribal tribes of India.Tamil which is the oldest language Kehwai, Telugu, Kannada, Malayalam etc. languages originated from Dravidian language. This spread of the Dravidian language broke down with the arrival of the Aryans. Before the Aryans came to India, apart from the Dravidians, there were Kauls, Asuras, Nishads, Shambars, Kirats etc.

The Indus Valley Civilization existed in India long before the Aryans came to India. We the public do not know who its creators were and where they were from, but there is a possibility that they were Dravidians. If this civilization is a product of India, it is possible that its roots and its branches may extend to South India. Many scholars have drawn parallels between the creators of this culture and the Dravidian people of the south.If at any time any foreign people came to India, they must have come thousands of years before the time of Mohenjodado, and even if these people came from outside even eight present years ago, we should actually consider them as the inhabitants of India itself.

Aryans may have come to India a few thousand years after the Indus Valley Civilization. The arrival of Aryans also did not happen in one phase but this process of arrival continued from time to time. Aryans came and mingled with the people of India. It can also be said that Sami, the representative of the Indus Valley Civilization, reconciled India's Dravidian civilization with the Aryan civilization, and the two cultures became harmonious in the long run.The amalgamation of these two cultures gave birth to various castes and a new culture in India, in which both cultures had great elements. After that, Iranians, Greeks, Parthians, Bactrians, Scythians, Huns, Turks, Zoroastrians also came to India.

Indian Aryan culture was essentially materialistic. The seer sages of the Rigveda were also practical and gentle worldlings. The people of this culture were not storytellers like the people of Egypt. That is why we have not found any sculptures or other remains of the civilization period. Aryas were not worshipers of idols or forms, but worshiped the elements of nature, i.e. air, earth, fire, water and sky, as their form of goddess.Thus, the religion of the Aryas was filled with memories of supernatural splendor and beautiful forms of special nature. They worshiped and sang the praises of the Vedas, the natural and powerful elements that benefited the entire earth, the vast heritage that the Aryas gave to the people by developing the culture to an extraordinary level. This period is called the Vedic Age.

Indian culture and civilization are associated with the Aryans because they played a major role in Indian culture and civilization. Indian culture and civilization was at its peak during the Vedic period. From that time till today, there have been many changes in this culture and many improvements have also been made. Foreign invasions happened and their culture affected our culture. The language of those people also affected our language which we are seeing today.Sanskrit language which is the language of ancient culture and mythology is not

spoken anymore. Hindi, a language derived from Sanskrit, can be seen today as influenced by Urdu, the language adopted by the Mughal Empire and by Islamic invaders. If we talk about today's time, the biggest impact on our culture and civilization is the western culture. Its biggest impact is on the young generation. Its effect has been seen in behavior, thought, practice, relationship, diet, dress. And it threatens our culture and civilization.

Not only the western culture but also the people have been damaged by it. Crimes are increasing in society, people become enemies of each other over small things. People commit murder even in normal conversation. At one time when women were revered in India, they were called goddesses, Lakshmi and Saraswati are not safe in their homes today. Once upon a time in India there was a spirit of vasudhaiva kutumambakam but today people are not willing to live with their own family, they like to live in a nuclear family.If we want to save our culture, we have to pay serious attention to it. If students are taught Sanskrit in schools and colleges, there will be no danger of extinction of the language. If they are taught about our culture and civilization from childhood, they will not be influenced by western culture.Our culture which teaches things like respecting elders, respecting women, not doing quota work, etc. will improve the society and make life easier. As we move towards our culture and civilization, we will prosper.

One of the heritages of our culture and civilization was the 'Vasudhaiva Kutumambakam' spirit which existed among Indians, by understanding and adopting it in its true sense, human culture and civilization can be enriched. Vasudhaiva Kutumambakam supports peace and cooperation which is essential to achieve prosperity and success.

Vasudhaiva kutumambakam means the whole world is one family. So here the Vedic sages say that the whole world is really one family. The world is like a small, integrated, nuclear family. The differentiation that "this person is mine, and this one is not " is made only by the narrow-minded i.e. the ignorant who are in duality. To the noble doers i.e. those who know the utter Truth of the whole world being a single family-one unit. The meaning of the words 'family' must be understood in the context of what the Upanishad is talking about.It describes the quality of a man who understands the truth, overstepping the multiplicity of the world. An Upanishad mantra is not a geo-political-socio-cultural statement. That is the fact. 'This is my own and that unknown','this is my relative and this is not' – is the calculation of the narrow mind but, to the generous-hearted, the whole earth is but one family, everyone in this world is their relative..

પરિચય

એવું માનવામાં આવે છે કે ઉત્તરમાંથી વિદેશીઓ ભારતમાં સ્થળાંતર કરીને 1800-1500 BCE દરમિયાન સિંધુ ખીણ અને ગંગાના મેદાન માં સ્થાયી થયા હતા. આ જૂથોમાંના સૌથી અગ્રણી ઇન્ડો-યુરોપિયન ભાષા બોલતા હતા અને તેને સંસ્કૃત ભાષામાં આર્ય અથવા "ઉમદા લોકો" કહેવામાં આવતું હતું. આ ઇન્ડો-આર્યન એ ઈન્ડો-ઈરાનીઓની એક શાખા હતી, જે હાલના ઉત્તર અફઘાનિસ્તાનમાં ઉદભવી હતી. 1500 BCE સુધીમાં, ઈન્ડો-આર્યોએ સમગ્ર ઉત્તર ભારતમાં નાના પશુપાલન અને કૃષિ સમુદાયની રચના કરી હતી.

આ સ્થળાંતર ઘણી સદીઓ દરમિયાન થયું હતું અને સંભવતઃ તેમાં આક્રમણ સામેલ નહોતું, જેમ કે 1940 ના દાયકાના મધ્યમાં બ્રિટિશ પુરાતત્વવિદ્ મોર્ટિમર વ્હીલર દ્વારા અનુમાન કરવામાં આવ્યું હતું. વ્હીલરે, જેઓ 1944 થી 1948 દરમિયાન ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના મહાનિર્દેશક હતા, તેમણે સૂચવ્યું કે એક વિચરતી, ઈન્ડો-યુરોપિયન આદિજાતિ, જેને આર્ય કહેવામાં આવે છે, તે

અચાનક અભિભૂત થઈ  ગઈ અને સિંધુ નદીની ખીણ પર વિજય મેળવ્યો. તેમણે સિંધુ ખીણની સંસ્કૃતિના મહાન શહેર પૈકીના એક એવા મોહેંજો-દડો ના પુરાતત્વીય સ્થળ ના ટોચના સ્તરે મળી આવેલા બિન-દફન કરાયેલા શબના અવશેષો પર તેમના નિષ્કર્ષનો આધાર રાખ્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે તેઓ યુદ્ધનો ભોગ બન્યા હતા. તેમ છતાં વ્હીલરે તેમના સિદ્ધાંતનો પ્રસ્તાવ મૂક્યો તેના થોડા સમય પછી, અન્ય વિદ્વાનોએ તેને સમજાવીને નકારી કાઢ્યું કે હાડપિંજર આક્રમણ હત્યાકાંડના ભોગ બનેલા લોકોના નહોતા, પરંતુ ઉતાવળમાં દફનાવવામાં આવેલા અવશેષો હતા. વ્હીલરે પોતે આખરે સ્વીકાર્યું કે સિદ્ધાંત સાબિત થઈ શક્યો નથી.

આર્યોએ સંસ્કૃતિને અસાધારણ કોટીએ વિકસાવીને પ્રજાને અમૂલ્ય એવા જે વિશાળ વારસો આપ્યો તે વેદનો છે. સમગ્ર પૃથ્વીવાસીઓ ઉપકારક એવાં પ્રાકૃતિક અને પ્રભાવક તત્ત્વોની તેમણે પૂજા કરી અને સ્તુતિઓ ગાઈ. આ સમયને વૈદિક યુગ કહેવામાં આવે છે.[3]

આપણા સહુથી પ્રાચીન ગ્રંથ વેદ છે. વેદ ચાર છે : ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ ને અથર્વવેદ. એ પ્રત્યેકના ત્રણ ભાગ છે : 1. સંહિતા, જેમાં દેવતાઓની સ્તુતિ ને પ્રાર્થના છે, 2. બ્રાહ્મણ, જેમાં બ્રહ્મન' કહેતાં યજ્ઞ મુખ્ય છે અને 3. આરણ્યક - ઉપનિષદ, જેમાં, અરણ્યમાં વસીને અથવા યજ્ઞશાળામાં ને રાજમહેલમાં રહીને આપણા બ્રહ્મર્ષિ તથા વાર્ષિઓને ધર્મના રહસ્યનું અને જીવાત્મા તો પરમાત્માના સ્વરૂપ વિશે કરેલું ચિંતન છે. આમ, ‘સંહિતા’ ભક્તિપ્રધાન છે, ‘બ્રાહ્મણ' કર્મ પ્રધાન છે ને 'ઉપનિષદ' જ્ઞાન પ્રધાન છે.

સંહિતા: કોઈ પણ ધર્મ ભક્તિ વિનાનો હોઈ શકતો નથી. ઋગ્વેદના સંહિતા વિંહગમાં દેવોની સ્તુતિ માં ભક્તિનો આવિર્ભાવ છે. આ ભક્તિની નારદ, શાંડિત્ય આદિ સૂત્રકારોએ વ્યવસ્થા કરી અને ‘ભાગવત મત’ નું પ્રવર્તન કર્યું. આ ભાગવત ધર્મના ત્રણ મુખ્ય સંપ્રદાયો છે. વૈષ્ણવ, શૈવ અને શક્તિ સંપ્રદાય.

બ્રાહ્મણ: સંહિતા પછી થયેલ વેદના 'બ્રાહ્મણ' - વિભાગમાં કર્મ મૂર્ધન્ય સ્થાને છે. જ્ઞાન અને ભક્તિ કરતાં કર્મનું તત્ત્વ જનતા સહેલાઈથી ગ્રહણ કરે એવું હોવાથી તે જનમંડલના મોટા ભાગનો ધર્મ બને છે. આ કર્મ અથવા ધાર્મિક ક્રિયા નાનાં નાનાં સૂત્રોમાં દર્શાવવામાં આવી છે, જેના મુખ્ય ત્રણ વિભાગ છે: શ્રોતસૂત્ર, ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર. શ્રુત સૂત્રમાં યજ્ઞયાગની ક્રિયાનું સ્વરૂપ દર્શાવ્યું છે, ગૃહ્યસૂત્ર માં ગૃહસ્થે પોતાના ઘરમાં કરવાની પંચમહાયજ્ઞ આદિ ધાર્મિક ક્રિયાઓનું તથા ઉપનયન, વિવાહ આદિ સંસ્કારોનું નિરૂપણ છે ને ધર્મસૂત્રમાં વર્ણાશ્રમ ધર્મ નું, જનસમાજના પરસ્પરના વ્યવહાર ને કાયદા વગેરેનું વર્ણન છે. શ્રુત સૂત્રોમાંથી જતે દહાડે ‘પૂર્વમીમાંસા’ ઉત્પન્ન થઈ. ગૃહ્યસૂત્ર અને ધર્મસૂત્ર, જેના ઉપર સમગ્ર હિન્દુ સમાજ નું ચણતર થયેલું છે તેમાંથી મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓ રચાઈ.

ઉપનિષદ: તેમાં જ્ઞાનનું ઊંચામાં ઊંચું સ્વરૂપ નિરૂપેલું છે. તત્ત્વજ્ઞાનની તેમાં પરાકાષ્ઠા છે, તેમાં જીવ, જગત અને પરમાત્મા સંબંધી ગૂઢ વિચારો પ્રગટ થયેલ છે. તેમાંથી જ વેદાંત, સાંખ્ય અને યોગના ઉત્કૃષ્ટ ગણાતા સિદ્ધાંતો પ્રગટ થયા, મહાભારત-અંતર્ગત ભગવદ્ ગીતામાં આ ત્રણ સિદ્ધાંતોનો તેમજ જ્ઞાન, ભક્તિ અને કર્મનો સમન્વય કરવામાં આવ્યો છે.

ષટ્દર્શન: આ પૂર્વોક્ત દર્શનોનું તત્ત્વજ્ઞાન ઘણું જૂનું છે, પરંતુ એ નીચે નાં ‘ષટ્દર્શન રૂપે પાછળથી વ્યવસ્થિત થયું: સાંખ્ય, વૈશેષિક, ન્યાય, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા.

ભાષ્યો: જતે દિવસે હિન્દુ ધર્મનું સાહિત્ય એટલું વિસ્તરતું ગયું કે એ સમજાવવા માટે એના મુખ્ય ગ્રંથો, ઉપનિષદ, ભગવદ્ ગીતા અને વેદાંત સૂત્ર ઉપર જુદા જુદા આચાર્ય તરફથી ભાષ્યો સ્થપાયાં. આ ભાષ્ય શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, વલ્લભાચાર્ય અને મધ્વાચાર્ય એ લખ્યાં છે.

વૈદિક કાળ એ ઈતિહાસમાં આશરે 1750-500 BCE ના સમય નો ઉલ્લેખ કરે છે, જે દરમિયાન ઈન્ડો-આર્યો ઉત્તર ભારતમાં સ્થાયી થયા હતા, તેમની સાથે ચોક્કસ ધાર્મિક પરંપરાઓ લાવી હતી. આ સમયગાળાનો મોટા ભાગનો ઇતિહાસ હિંદુ ધર્મના સૌથી જૂના ગ્રંથો વેદ માંથી લેવામાં આવ્યો છે, જે આર્યો દ્વારા સંસ્કૃત માં રચવામાં આવ્યો હતો.

પ્રારંભિક વૈદિક સમયગાળા માં, આશરે 1750-1000 BCE માં ઈન્ડો-આર્યોએ મર્યાદિત કૃષિ સાથે પશુપાલન, અર્ધ-વિચરતી અર્થવ્યવસ્થા પર ભારે આધાર રાખતા હતા. તેઓએ ઘેટાં, બકરા અને ઢોર ઉછેર્યા, જે સંપત્તિ ના પ્રતીકો બન્યા.

ઈન્ડો-આર્યોએ પણ ધાર્મિક અને સાહિત્યિક કૃતિઓ ના સંગ્રહ ને યાદ કરીને અને સંભળાવીને સાચવી રાખ્યા હતા અને તેમને તેમની પવિત્ર ભાષા સંસ્કૃતમાં એક પેઢીથી બીજી પેઢીને સોંપ્યા હતા. ઋગ્વેદ, જે સંભવતઃ આ સમય દરમિયાન રચવામાં આવ્યો હતો, તેમાં વિશ્વની ઉત્પત્તિના ઘણા પૌરાણિક અને કાવ્યાત્મક અહેવાલ, દેવતાઓની પ્રશંસા કરતા સ્તોત્ર અને જીવન અને સમૃદ્ધિ માટેની પ્રાચીન પ્રાર્થના શામેલ છે.

આદિવાસીઓમાં સંગઠિત, વૈદિક આર્યો નિયમિતપણે જમીન અને સંસાધનો પર અથડામણ કરતા હતા. ઋગ્વેદ આ સંઘર્ષમાં સૌથી વધુ નોંધપાત્ર, દસ રાજાઓ નું યુદ્ધ, ભરત જનજાતિ અને દસ પ્રતિસ્પર્ધી જાતિઓના સંઘ વચ્ચે નું વર્ણન કરે છે જે હવે ઉત્તર પશ્ચિમ ભારતમાં અને પૂર્વ પાકિસ્તાનમાં રાવી નદી છે. તેમના રાજા સુદાસના આગેવાની હેઠળ, ભારત એ વિજયનો દાવો કર્યો અને ઉત્તર ભારતમાં કુરુ નામના વૈદિક આદિવાસી સંઘની રચના કરવા માટે પરાજિત પુરુષ જાતિ સાથે ભળી ગયા.

12મી સદી BCE પછી, વૈદિક સમાજ અર્ધ-વિચરતી જાતિમાંથી સ્થાયી કૃષિ તરફ સંક્રમિત થયો. આશરે 1000-500 BCE થી, લોખંડની કુહાડીઓ અને હળ ના વિકાસથી ઈન્ડો-આર્યોને પશ્ચિમી ગંગાના મેદાનમાં ગાઢ જંગલો વસાવવામાં સક્ષમ બનાવ્યા. આ કૃષિ વિસ્તરણ ને કારણે વેપારમાં વધારો થયો અને સંસાધનો માટેની સ્પર્ધામાં વધારો થયો અને ઘણી જૂની જાતિઓ મોટા રાજકીય એકમની રચના કરવા માટે એક સાથે થઈ. ઈન્ડો-આર્યોએ ઘઉં, ચોખા અને જવની ખેતી કરી અને નવી હસ્તકલાનો અમલ કર્યો, જેમ કે સુથારીકામ, ચામડાનું કામ, ટ્રેનિંગ, માટીકામ, દાગીનાની કારીગરી, ટેક્સટાઈલ ડાઇંગ અને વાઈન મેકિંગ.

આર્થિક આદાન-પ્રદાન ભેટ આપવા દ્વારા કરવામાં આવતું હતું, ખાસ કરીને રાજાઓ અને પાદરીઓ વચ્ચે, અને ચલણ ના એકમ તરીકે પશુઓનો ઉપયોગ કરીને વિનિમય કરવામાં આવતો હતો. જ્યારે સોનું, ચાંદી, કાંસ્ય, તાંબુ, ટીન અને સીસાનો વેપારની વસ્તુઓ તરીકે કેટલાક સ્તોત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ત્યાં સિક્કાના ઉપયોગનો કોઈ સંકેત નથી. 6ઠ્ઠી સદી BCE ની શરૂઆતમાં ડેરિયસ I (વિશાળ અચેમેનિડ સામ્રાજ્યનો પર્સિયન શાસક જે સિંધુ ખીણ માં વિસ્તરેલો હતો) નું આક્રમણ વૈદિક સમાજ માં બહારના પ્રભાવ ની શરૂઆત તરીકે ચિહ્નિત કરે છે. આ ભારત-ગ્રીક સામ્રાજ્ય માં ચાલુ રહ્યું, જે દક્ષિણ એશિયાના વિવિધ ભાગોને આવરી લેતું હતું અને મુખ્યત્વે આધુનિક અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં કેન્દ્રિત હતું.

રાજવ્યવસ્થા: આર્યાની રાજવ્યવસ્થામાં રાજા અગ્રસ્થાને હતો. ઋગ્વેદ-કાળમાં રાજા ચૂંટણીથી નક્કી કરી શકાતો તેમજ વારસાથી પણ રાજપદ મળી શકતું. રાજાના હાથમાં મોટી સત્તા હતી. રાજ્યમાં પુરોહિત, સેનાપતિ અને – મંત્રીઓ પોત પોતાનો કાર્યભાર સંભાળતા. રાજાની વિશાળ સત્તાને કારણે પ્રજા પર જુલ્મો પણ થતા હતા. આમ છતાં ધર્મશાસ્ત્રો રાજાની સત્તા ઉપરવટ જઈ શકતા. લોકોના જાન માલ અને મિલકતોની રક્ષા કરવાની જવાબદારી રાજાની હતી. રાજ્યની વિવિધ પ્રકારની સેવા કરવા થતા ખર્ચ માટે પ્રજા પાસેથી કર ઉઘરાવવાની સત્તા રાજા પાસે હતી.

ખેતી અને ધંધા-રોજગાર: રાજ્યના વિકાસ સાથે કૃષિવિદ્યાનો પણ વિકાસ થયો. ઋગ્વેદના સમયમાં નાનાં હળ ની જગ્યાએ મોટા હળ નો વિકાસ થયો. ઋગ્વેદના સમયમાં કેવળ જવનો ધાન્ય તરીકે ઉપયોગ થતો હતો. પણ હવે ઘઉં અને ડાંગરની પણ ખેતી થવા માંડી. આ ઉપરાંત જુદા જુદા ધંધાઓના મહાજનોની પણ રચના થવા માંડી. એ મહાજનો 'શ્રેણી' અને વેપારી 'શ્રેષ્ઠી' નામે ઓળખાતા. આજનો 'શેઠ' શબ્દ શ્રેષ્ઠીમાંથી આવેલો છે. ગાયોનું તેમજ અન્ય પશુધનનું મહત્ત્વ ઘણું હતું. ઘરો મોટે ભાગે લાકડાના બનતાં. સોનું, તાંબુ અને કાંસુ ઉપરાંત ચાંદી, સીસું, લોઢું અને જસત નો વપરાશ વ્યાપક બન્યો. રેશમનાં વસ્ત્રોનો વપરાશ શરૂ થયો.

ધર્મ: ધર્મની બાબતમાં પણ ઋગ્વેદ કરતાં થોડા ફેરફારો થયા. આર્યોના દેવોની સાથે સાથે દ્રવિડના દેવોની પણ પૂજા થવા લાગી. શિવ, વિષ્ણુ, કાલી આદિ દેવ દેવીઓને આર્યોએ દ્રવિડો પાસેથી અપનાવ્યાં. યજ્ઞ-યાગાદિ અને વિધિવિધાન વધુ મહત્ત્વનાં બની ગયાં. પશુમેધ થવા લાગ્યા. પુનર્જન્મની માન્યતા રૂઢ બની.આમાંથી લોકોને સાચા માર્ગે વાળવા એ યુગ ના કેટલાક મહાન ઋષિઓએ પ્રયત્ન કર્યા. એ પ્રયત્નોના ફળરૂપે આપણને જે ગ્રંથો મળ્યા તે ઉપનિષદ. સત્ય શું છે અને તે કેવી રીતે મેળવી શકાય તે ઉપનિષદોએ બહુ સુંદર રીતે બતાવ્યું. યજ્ઞ વગેરે ક્રીયાકાંડોની નિષ્ફળતા તરફ લોકોનું તેમણે સચોટ રીતે ધ્યાન ખેંચ્યું. પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતનો ઉપનિષદોએ લોકોને બોધ કર્યો, જન્મમરણના ફેરામાંથી ઊગરી જવા બ્રહ્મજ્ઞાન મેળવવા ઉપર તેમણે ભાર મૂક્યો. એ માટે તપોવનની મંગળ શાંતિ માં વસી જગતનાં ગહન અને સનાતન સત્ય ની શોધ કરવાનો આદર્શ તેમણે લોકો સમક્ષ ધર્યો. વાસ્તવિક રીતે જોઈએ તો મહાવીર અને બુદ્ધના ઉપદેશનું કેટલાક અગત્યના બીજ ઉપનિષદોના આ સિદ્ધાંતોમાં રહેલાં હતાં.

અશ્વમેધ યજ્ઞ: આ યુગની બીજી એક મહાન પ્રવૃત્તિ તે અશ્વમેધ-યજ્ઞ. સામાન્ય રીતે ચક્રવર્તી બનવા ઇચ્છનાર રાજાઓ આવા યજ્ઞ કરતા. આવા યજ્ઞનો આરંભ કરી તે નિમિત્તે શણગારેલા ઘોડાને આર્યાવર્તમાં છૂટો મૂકી દેવામાં આવતો. એનું રક્ષણ કરવા એક સેના એની પાછળ મોકલવામાં આવતી. એ ઘોડાને કોઈ પકડી લે તો તેની સાથે લડાઈ થતી. આવી રીતે કોઈ પણ જગ્યાએ હાર પામ્યા વિના એ અશ્વ ફર્યો હોય તે બધા પ્રદેશોના રાજાઓએ અશ્વમેધ કરનાર રાજાનું દિગ્વિજયની આધિપત્ય સ્વીકારેલું લેખાતું. આ ઉપરીપણું વ્યક્તિનું નહીં પણ આર્ય સંસ્કૃતિનું. આર્ય રાજાઓ માટે અશ્વમેધ-યજ્ઞ તેમની સર્વોત્તમ સિદ્ધિ જેવો લેખો અને કેવળ સમર્થ રાજાઓ જ એ માટે સાહસ કરી શકતા.

સમાજના ચાર વર્ણ: ઋગ્વેદમાં વર્ણો જેવું દેખાતું નથી, પરંતુ આર્ય-અનાર્ય મિલન પછી ચાર વર્ણો ઊભા થયા જણાય છે. વર્ણ એટલે રંગ. મૂળે તો ગૌર અને શ્યામ એટલે કે આર્ય-અનાર્ય એવા બે રંગના વર્ણ હશે. પણ જેમ જેમ આર્યો અને અનાર્યો એકબીજા સાથે ભળતા ગયા તેમ તેમ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એવા ઓછાવત્તા ગૌર શ્યામ વર્ણ ઊભા થતા ગયા.

આર્યો ભારતમાં આવ્યા બાદ ના પ્રશ્નો પણ ઊભા થયા. જાતિના પ્રશ્નો અને રાજકીય પ્રશ્નો. આર્યોએ જેમની ઉપર જીત મેળવી તે દ્રવિડ પ્રજા પાસે પોતાની આગવી સભ્યતા તો હતી જ, પરંતુ આર્યો પોતાની જાતને દ્રવિડો કરતા ચડિયાતા માનતા હતા. આવા કારણોસર બંને પ્રજા વચ્ચે મોટી ખાઈ ઊભી થઈ. આ બંને ઉપરાંત જંગલમાં રહેનારા જંગલવાસીઓ, આદિવાસી અને ભટકતી જાતિઓ પણ હતા. આ બધી જાતિઓ વચ્ચે વખતોવખત સંઘર્ષ થતો. પોતાને ચડિયાતા સાબિત કરવાની વૃત્તિએ જાતિઓમાં ભાગલા પડતા ગયા. પરિણામે, ત્યાર પછી હજારો વર્ષમાં અનેક જાતિઓ-જ્ઞાતિઓ ઊભી થઈ અને તેણે આ દેશમાં અનેક પ્રશ્નો ઉભા કર્યા. ઋગ્વેદના સમયમાં ગુણ અને કર્મ પ્રમાણે સમાજને ચાર વિભાગમાં વહેંચવાની શરૂઆત થઈ હતી. એ ચાર વિભાગ તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ વખતના ચાર મુખ્ય વ્યવસાય ઉપરથી આ વર્ગો પડ્યા હતા. એ વ્યવસાય પૈકી એક હતો ભણવા-ભગાવવાનો ને પુરોહિતનો. એ વ્યવસાય કરનારા 'બ્રાહ્મણ' લેખાતા. બીજો ધંધો હતો સૈનિકનો. એમનું કાર્ય લોકોનું રક્ષણ કરવાનું દેખાતું. એ ધંધો કરનાર 'ક્ષત્રિય' ગણાતા. જ્યારે લડવાનું ન હોય ત્યારે એ લોકો ખેતીનું કામ પણ કરતા, ત્રીજો ધંધો હતો વેપાર રોજગારનો. એ ધંધો કરનાર 'વૈશ્ય' તરીકે ઓળખાતા અને ચોથો ધંધો હતો મહેનત-મજૂરીનો. એ રીતે પોતાનું ગુજરાન કરનારા લોકો 'શુદ્ર' કહેવાતા. ઋગ્વેદના સમયમાં એક જ કુટુંબમાં ચારે વ્યવસાય કરનારા માણસો મળી રહેતા. વળી તે સમયે આ વર્ણો પરંપરાગત ન

હતા, પરંતુ પાછળથી તે વંશપરંપરાગત ઊતરી આવ્યા. સમય જતાં શરૂઆતનું ચિત્ર બદલાતું ગયું. પાછળથી બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણ અને શુદ્ર નો છોકરો શુદ્ર જ ગણાવા લાગ્યો. આ રીતે જ્ઞાતિસંસ્થા - જ્ઞાતિવાદ ઊભાં થયાં. તેમાંથી પછી પેટાજ્ઞાતિઓ પણ ઉત્પન્ન થઈ.

ચાર આશ્રમ: સમાજ ના ચાર વર્ણ ની જેમ મનુષ્યની જિંદગીના પણ આર્યોએ ચાર ભાગ પાડ્યા હતા. એ દરેક ભાગને તેઓ આશ્રમ તરીકે ઓળખતા. આ ચાર આશ્રમ મનુષ્યના જીવનના અગત્યનાં અંગરૂપ લેખાતા. દરેક આશ્રમ પચીસ વર્ષનો ગણાતો.

તે સમયની પ્રજામાં પોતાના મૌલિક વિચારોનું વિશ્લેષણ કરવા માટે, તેમને વાસ્તવમાં કાર્યરત કરવા માટે અદમ્ય ઉત્સાહ અને આવેગ હતા. મનુષ્યના જીવનને - તેના આયુષ્યને પણ તેમણે ચાર તબક્કામાં વહેંચી નાખ્યું, જેમાંથી પહેલા તબક્કો વિકાસનો - કિશોરાવસ્થાથી સમજવાનો અભ્યાસ, જ્ઞાનવિજ્ઞાનને અને સમજને નિયંત્રણ કરવાનો. બીજો તબક્કો જ સંસારના, સમાપ્તિ અને થોડીક કૌટુંબિક કે પરિવાર માં પોતાનું યોગદાન કરવાનું તે બીજો તબક્કો, જીવનમાં સંસાર અને સમાજમાં ભૌતિક સમૃદ્ધિ મેળવી. નિસ્વાર્થપણે સામાજિક સેવા કરવાનો - તે ત્રીજો તબક્કો અને છેલ્લો, ચોથો તબક્કો કૌટુંબિક, સામાજિક અને દુન્યવી પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને એકાંતવાસ સેવવા અને ધ્યાનધર્મ કરવાં.

આ રીતે તેમના જીવનની ભૌતિક ઈચ્છા-એષણાઓ અને દુન્યવી બાબતોનો એક તરફ સ્વીકાર કરવાની અને યોગ્ય સમયે તેને છોડવાનો સંયમ પણ આવી તેનો ત્યાગ કરવાની – આમ પરસ્પર બંને વિરોધી માનવીય વૃત્તિઓને જીવનમાં સમાવી લીધી. આર્યોએ મનુષ્યની જિંદગીના પણ ચાર ભાગ પાડ્યા હતા. એ દરેક ભાગને તેઓ આશ્રમ તરીકે ઓળખતા. દરેક ભાગ પચીસ વર્ષનો ગણાતો અને પૂર્ણ આયુષ્ય સો વર્ષનું ગણાતું.

પહેલાં પચીસ વર્ષનો 'બ્રહ્મચર્યાશ્રમ' કહેવાય. એ સમય દરમ્યાન ઉપવીત ધારણ કરીને વિદ્યાર્થી આશ્રમ જઈને ગાળતો. તે ગુરુની સેવા કરતો અને જ્ઞાન ઉપાસના કરતો. અભ્યાસ પૂરો થતાં તે લગ્ન કરીને 'ગૃહસ્થાશ્રમ માં પ્રવેશ કરતો. જીવનના બીજાં પચીસ વર્ષ તે આ આશ્રમમાં ગાળતો. અતિથિનો સત્કાર કરતો - સેવા કરતો. માબાપની સેવા, પોતાના બાળકો અને, ઢોરઢાંખર ની કાળજી અને પોતાના કુટુંબના નિર્વાહ માટે આજીવિકા રળી લેતો. ત્યારબાદ તે 'વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશ કરતો.

એ પોતાના ઘરનો સઘળો ભાર દીકરા ને સોંપી દઈ ઈશ્વર ચિંતન કરતા તેમજ સમાજસેવામાં વખત વ્યતીત કરતા. બને તેટલું એકાંત જીવન જીવતો. ઘરના દીકરો- દીકરી કે નાનેરા સગાંસંબંધીઓને મુશ્કેલીઓમાં માર્ગદર્શન આપતો. જીવનના અનુભવ થી સ્થિર થયેલી બુદ્ધિવાળા વાનપ્રસ્થીઓ આર્ય સમાજ-વ્યવસ્થાનો અતિ મહત્વના અંગ જેવા હતા. એક યા બીજી રીતે તેઓ સમાજના શિક્ષકોનું કામ બજાવતા.

વાનપ્રસ્થાશ્રમ પછી તે સંન્યાસ-આશ્રમમાં પ્રવેશ  કરતો, તેમાં પ્રવેશ કરતાં જ એ સઘળી માયા મૂકી દેતો,પોતાના નામઠામ બદલી નાખી ને, જનોઈનો યોગ કરીને, કુટુંબ સાથેના સંબંધો નો અંત આણ્યો. ભગવાં વસ્ત્રો પહેરીને તે સાધુ જીવન ગાળતો. આખી દુનિયા તેનું ઘર છે અને  દુનિયાના બધા જીવો તેના કુટુંબીજનો છે તેવી વસુધૈવ કુટુમ્બકમની ભાવના સેવતો. આવી આદર્શ હતી આશ્રમ ધર્મની ભાવના. હજારો વર્ષથી જે પરંપરા ચાલી આવે છે, જેને આપણે ભારતીય સંસ્કૃતિ તરીકે ઓળખીએ છીએ તેનો પાયો ઋગ્વેદ યુગમાં જ નંખાયો હતો. એ યુગમાં પ્રજાને જે વારસો મળ્યો છે તેની સૈકાઓ સુધી અસર રહી છે.

નાગરિક ધર્મ: વૃંત્ર મહાયજ્ઞ આયાની ચાર આશ્રમ ની સુંદર યોજના જેવી જ દરેક આર્ય કરવાના યજ્ઞની તેમની વ્યવસ્થા હતી. દરેક મનુષ્ય એ અનેક પ્રકારની સામાજિક તેમજ ધાર્મિક જવાબદારી અદા કરવાની છે એ ભાવના અર્થ સંતાનના મનમાં નાનપણથી જ કેળવવામાં આવતી. એ માટે દરેક આર્ય પાંચ મહાયજ્ઞ કરવા પડતા. એમાં નો પહેલો યજ્ઞ તે બ્રહ્મ યજ્ઞ. આનો અર્થ એ થતો કે દરેક આય દરરોજ પોતાનું જ્ઞાન સતેજ રાખવા થોડો વખત સ્વાધ્યાય ને ચિંતનમાં ગાળવો જોઈએ. બીજો યજ્ઞ રેવ યજ્ઞ નામે ઓળખાતો. એ હવન હોમ વગેરેથી તે પાર પડતો.

એ વિધિ કરતી વખતે એક આસનને ને એક-ચિત્તે બેસી અગ્નિમાં સુગંધી દ્રવ્યો હોમી વાતાવરણની શુદ્ધિ તે કરતો ને ચારે બાજુએ પવિત્રતાની ફોરમ ફેલાવતો. ત્રીજો યજ્ઞ પિતૃયજ્ઞ નામે ઓળખાતો. માતા-પિતા તથા વડીલો ની સેવા દ્વારા ને પોતાના ગૃહસ્થ ધર્મ નું બરાબર પાલન કરી આ યજ્ઞ તે પાર પાડતો. ચોથો યજ્ઞ તરીકે ઓળખાતો. એમાં આંગણે આવેલા અતિથિને દેવ ગણી સત્કારવાને ભાવના સેવી તે ભાવનાનો તે અમલ કરતો. પાંચમો યજ્ઞ ભૂત યજ્ઞ તરીકે ઓળખાતો. પોતાના પાળેલા પ્રાણીઓ ની માવજત, લાલનપાલન વગેરેથી માંડી પ્રાણીમાત્ર તરફ દયાભાવ તે આ યજ્ઞ દ્વારા કેળવતા. આમ, આ પાંચ યજ્ઞો ની કલ્પના દ્વારા વ્યક્તિ તેમજ સમાજ નો વિકાસ સાધવાનો બહુ સુંદર યોજના આર્યોએ અપનાવી હતી.

ત્રણ પ્રાણ: અને આટલું જાણે પૂરતું ન હોય તેમ દરેક આર્યને પોતાને શિરે અનેક પ્રકારના છ છે તેનું સતત ભાન કરવામાં આવતું. અનેક પેઢીઓ કરેલી મહેનત ના લીધે જીવનની જુદી જુદી જરૂરિયાતો અને સગવડો આપણને મળતી હોય છે. એ આપણા સૌને શિરે ત્રણ રૂપે છે. એ માટે મહેનત ચાલુ રાખી એ ઋણ અદા કરવાનો આપણા સૌનો ધર્મ છે એ વિચાર ઋણની પનામા રહેલો હતો.

એ ક્ષણો પૈકી ત્રણ મુખ્ય હતા: (1) સેવા (દેવતાઓ અને ભૌતિક શક્તિ તરફનું), (2) કૃષિ" (પ્રાચીન જ્ઞાન, વિદ્યા અને સાહિત્ય પ્રત્યેનું) અને (૩) પિતૃત્રી (વડીલો અને પૂર્વજો તરફની ફરજ.)

આજે જેને આપણે નાગરિક ધર્મ તરીકે ઓળખીએ છીએ તે સંપૂર્ણ ધર્મ આર્યોની પંચ મહાયજ્ઞ અને ત્રણ ઋણ કલ્પનામાં સમાઈ જાય છે. આ ઉપરાંત યમ, નિયમ, દયા, મૈત્રી, સત્ય, ઈમાનદારી આદિ ગુણો આર્યોના ખાસ લક્ષણો લેખાતા. આ બધા ઉપરથી આર્યોએ કેવા ઊંચા આદર્શો પોતાની નજર સામે રાખ્યા હતા તેનો ખ્યાલ આવી શકશે.

આમ, આજે જે ભારત આપણે જોઈએ છીએ તે ભારતની સંસ્કૃતિનો પાયો આપણને આ યુગમાં નંખાયેલો માલૂમ પડે છે. એ યુગે આપણને જે વારસો આપ્યો છે તેણે આપણા આખા ઇતિહાસ ઉપર ઘણી મોટી અસર કરેલી છે.

આર્યોના દોષો અને નબળાઈઓ: જે પ્રજાના આદર્શો આવા મહાન હતા તેનું પતન સંભવે જ નહિ. છતાં પણ આર્યોનું પણ પતન થયું હતું, એ હકીકત નકારી શકાય તેમ નથી. મહાભારતમાં આર્યોની નબળાઈના અનેક પ્રસંગો વર્ણવ્યા છે. કુસંપ એ આર્યોની એક નબળાઈ સાબિત થઈ. મહાભારતનું યુદ્ધ આવી જ એક નબળાઈને પરિણામે થયું. જુગારની લત એ પણ આર્યોનો એક દુર્ગુણ હતો. ધર્મશાસ્ત્રોમાં એની નિંદા હોવા છતાં આર્યોએ જુગાર રમવાનું ચાલુ રાખ્યું. જુગાર રમવો એ રાજ કુટુંબોનું તો લક્ષણ ગણાવા લાગ્યું. ખુદ યુધિષ્ઠિર જેવા ધર્માત્મા પણ જુગારની રમત માં સપડાયેલા હતા. વખત આવ્યે પોતાના રાજ્યને, પોતાના ભાઈઓને, પોતાની જાતને કે પોતાની પત્નીને પણ હોડમાં મૂકતાં તે લજવાયા ન હતા, તો પછી સામાન્ય માણસની તો વાત જ શી ?

આર્યો પાસે સમૃદ્ધિ આવવાથી તેમનામાં એક પ્રકારનું અભિમાન આવી ગયું હતું. નાની-નાની બાબતોમાં તેમની વચ્ચે ઝઘડા થવા લાગ્યા. આ ઉપરાંત આર્યોની બીજી એક નબળાઈ તે મદ્યપાન. એમાંથી જ યાદવાસ્થળી પ્રગટી અને આખા યાદવકુળના નિકંદન નીકળી ગયું. આર્યોમાં પ્રગટેલાં કળિયુગનાં આ લક્ષણો હતાં. આવા કારણોસર આર્યોની અધોગતિ થઈ.[1]

આજ નું ભારત એટલો વૈવિધ્યસભર છે, જેમાં ઘણાં વિવિધ વંશીય, ધાર્મિક અને ભાષાકીય સમુદાયો છે, કે તેની સંસ્કૃતિ અને સમાજ વિશે વાત કરવી ભાગ્યે જ શક્ય છે, તેની સંસ્કૃતિ અને સમાજની બહુવિધતા વિશે વધુ સારી રીતે વાત કરવી. પચાસના દાયકામાં, ભારત 400 મિલિયન પુરુષ અને સ્ત્રીનું ચિત્રણ કરતું હતું, જેઓ દરેક બીજાથી અલગ હતા, બધા વ્યક્તિગત વિચારો અને લાગણીઓના બ્રહ્માંડમાં રહેતા હતા.તે 400 મિલિયન લોકો આજે 1 અબજથી વધુ છે. ભારત સાચા અર્થમાં સાંસ્કૃતિક મોઝેક છે અને તેને યોગ્ય રીતે વિવિધતાની ભૂમિ કહેવામાં આવે છે. આ વિવિધતા

એ તેની અનન્ય સંસ્કૃતિને જન્મ આપ્યો છે. ભારતની ભાષાઓ, ધર્મો, નૃત્ય, સંગીત, સ્થાપત્ય, ખાદ્ય પદાર્થો અને રીતરિવાજો દેશની દરેક જગ્યાએ અલગ-અલગ છે.

ભારતીય સંસ્કૃતિ, જેને ઘણી વખત ઘણી સંસ્કૃતિ અને સભ્યતાના એકીકરણ તરીકે લેબલ કરવામાં આવે છે, તે સમગ્ર ભારતીય ઉપખંડમાં ફેલાયેલી છે અને તે ઘણા હજાર વર્ષ જૂનો ઇતિહાસ થી પ્રભાવિત છે. ભારતની મોટાભાગની સાંસ્કૃતિક ઓળખ તેના જીવંત ધાર્મિક તહેવારોમાં પ્રતિબિંબિત થાય છે. દરેક તહેવાર એવી વાર્તા કહે છે જે આધ્યાત્મિક સત્ય આપે છે, રોજિંદા જીવનમાં અર્થ ઉમેરે છે. પ્રતીકવાદ ભારતની પ્રાચીન પરંપરાઓને ઉત્થાન અને એકતા અને જાળવવાનું કામ કરે છે.

જો કે, 21મી સદીના આગમન સાથે આમાંથી કેટલીક વસ્તુ ખોવાઈ ગઈ હતી. ભારત જેવા દેશમાં પરંપરા વધુ નોંધપાત્ર છે જેણે હંમેશા તેની સમૃદ્ધ સંસ્કૃતિ અને વારસાને વળગ્યો છે, અને તે સમગ્ર વિશ્વમાં તેના માટે ખૂબ જાણીતો છે.

આ એક એવી સંસ્કૃતિ છે જ્યાં મહેમાનોને દેવતા તરીકે ગણવામાં આવે છે, પરિવારના સભ્યો મૃત્યુ સુધી એક જ ઘરની નીચે રહે છે, લોકોની માન્યતા છે કે 'કર્મ' તેમના જીવનને નિર્ધારિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, વડીલોનો આદર કરવો અને દરેક અન્ય ધર્મને જન્મથી જ શીખવવામાં આવે છે અને તેનું પાલન કરે છે. પરંપરા એક ગૌરવપૂર્ણ ભારતીય બનાવે છે. પરંતુ આ વસ્તુઓ ઝડપથી અપ્રચલિત બની રહી છે અને ધીમે ધીમે તેમની ચમક ગુમાવી રહી છે. [15]

ભારતમાં બ્રિટિશ શાસન ભારતીય સમાજ પર પશ્ચિમી સંસ્કૃતિની ઊંડી અસર છોડી છે. પશ્ચિમી સંસ્કૃતિ વિવિધ સ્વરૂપોમાં પોતાની હાજરી નોંધાવી છે. આપણી સંસ્કૃતિમાં પશ્ચિમીકરણ ની અસર, તેના રિવાજો અને કાર્ય-વ્યવહાર માં જોવા મળે છે. જીવનશૈલીનું મુખ્ય પરિવર્તન અને લોકોનું જીવનધોરણ માત્ર ભારતમાં જ બદલાતું નથી પણ વૈશ્વિક સ્તર પર પણ તેની અસર જોઈ શકાય છે. પરિવર્તન ની પ્રક્રિયામાં ભારતીય સંસ્કૃતિની ઘણી અસર થઈ. આપણી પરંપરા અને રિવાજો ના મૂળ ઊંડા છે તેના ઉદભવ સાથે તેમની પકડ ને ઢીલી કરી, પશ્ચિમીકરણ ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ પર પોતાનો પ્રભાવ પાડ્યો છે પશ્ચિમી સંસ્કૃતિ અને પ્રભાવને કારણે ભારતીય સંસ્કૃતિ છેલ્લા કેટલાક વર્ષોમાં બદલાઈ રહી છે અને પશ્ચિમીકરણ એ પરંપરા, રિવાજો અને કૌટુંબિક મૂલ્યો છીનવીને વિશ્વની સૌથી જૂની અને સૌથી સમૃદ્ધ સંસ્કૃતિ ને અસર કરી રહ્યું છે જે એક સમયે પરંપરાગત ભારતીય ઘરોમાં પ્રબળ હતા.

યુવાનો હવે તેમના વડીલો ને પહેલા જેવું માન આપતા નથી. વૃદ્ધ લોકો હવે આદરણીય નથી પરંતુ તેઓને બોજ સમાન ગણવામાં આવે છે. સંયુક્ત કુટુંબ વ્યવસ્થા ઝડપથી લુપ્ત થઈ રહી છે અને બાળકોને હવે સાચા ભારતીય ના ગુણો શીખવવામાં આવતા નથી. છૂટાછેડાના કિસ્સા પણ વધુ સામાન્ય છે અને લગ્નો પવિત્ર હોવાનું બંધ થઈ ગયું છે. લોકો હવે એકબીજાને મદદ કરવાનો પ્રયાસ કરતા નથી અને કોમી અથડામણ વધી રહી છે. તદ્ઉપરાંત, આપણા તહેવારો કે જેઓ ભાઈચારા અને પ્રોત્સાહન આપે છે તે તેમનું આકર્ષણ ગુમાવી બેસે છે કારણ કે લોકો પશ્ચિમી તહેવારોને અપનાવ્યા છે જેમાં વધુ લોકો આનંદ અને ઉલ્લાસ કરે છે.આપણી સંસ્કૃતિમાં મહેમાનોને ભગવાન માનવામાં આવે છે 'અતિથિ દેવો ભવ' આ કહેવત આપણે ત્યાં પહેલાથી ચાલી આવે છે. આપણા વડીલોની અંદર તે ભાવના છે કે મહેમાનો ને ભગવાન ની જેમ સમજવા અને તેમનું ભાવભર્યું સ્વાગત કરવું. આપણે ત્યાં કોઈ નાનો તહેવાર હોય તો પણ ખુબ જ ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવાઈ છે. સગા-સંબંધીઓ ભેગા થાય છે, સાથે બેસી ને તહેવારની ખુશી ને માણતા હોય છે. પણ આજની પેઢીમાં લોકોની ક્રિયા-પ્રતિક્રિયા એ સામેવાળી વ્યક્તિને આર્થિક પરિસ્થિતિ ને ધ્યાન માં રાખી થવા માંડી છે. ક્યાંક આપણું ધ્યાન સંબંધ પ્રધાન નહીં પરંતુ સુવિધા પ્રધાન બનતું દેખાય છે, આજની પેઢી વેલેન્ટાઇન ડે ને દિવાળી અને હોળી કરતા પણ વધારે હર્ષ અને ખુશીથી મનવતા છે. આપણી સંસ્કૃતિ આપણને શીખવે છે કે બીજાના  સુખ માં તેમનું સુખ વધારવું અને દુઃખ માં તેમનું દુઃખ ઓછું કરવું. પરંતુ

આપણાં મૂલ્યો જેના પર ભારત ગર્વ અનુભવ કરતુ અને એક આદર્શ બનેલ હતું તે હવે ખોવાઈ રહ્યું છે અને પશ્ચિમી સંસ્કૃતિ તેનું સ્થાન લઇ રહી છે.

તેવી જ રીતે લગ્ન  પણ પોતાની પહેલાની ઓળખ ગુમાવી રહ્યા છે. લગ્નના તૂટવામાં અત્યારે વધારો જોવા મળે છે અને સહનશીલતા તથા ધૈર્યનો અંત આવી રહ્યો હોય તેવું ભાસે છે. આજકાલ ડિવોર્સ અને લગ્નોત્તર અફેર્સ ના દાખલાઓ વધી રહ્યા છે જે તેનું પ્રમાણ આપે છે. આપણી સંસ્કૃતિ માં લગ્ન એટલે શરીર નહિ પણ બે આત્મા નું મિલન કહેવાય છે જે આ જન્મ અને આવનાર તમામ જન્મો સુધી સાથે રહેવાનું વચન સમાન છે. પરંતુ પર પણ પશ્ચિમી સંસ્કૃતિની અસર પડી રહી અને તેના થી આજ ની પેડી ના પરિણીત યુગલો છે. જે લગ્ન પછી તણાવ અને ઘૂંટણ થી પસાર થાઈ છે, નાની-નાની ભૂલો ઉપર ઘર ની અંદર કંકાસ થવો તે અત્યારે એક સામાન્ય વાત બની ચુકી છે. પશ્ચિમી સંસ્કૃતિ નો ઈગો ફેક્ટર આજના લગ્ન જીવન પર ખુબ જ અસર પાડી રહ્યો છે.

સંયુક્ત કુટુંબનો ખ્યાલ ઘટી રહ્યો છે, ભારતીયો જે મેટ્રોપોલિટન શહેરોમાં રહે છે ત્યાં સંયુક્ત પરિવાર માટે સમય નથી,  તેમના માટે એક નાનકડા પરિવારનું કલ્ચર છે જે  એક વિચિત્ર અને આશ્ચર્ય ની વાત છે. દરેક વ્યક્તિ અન્ય લોકોથી દૂર રહેવા માંગે છે અને તે વિચારથી જ જન્મ થાય છે એકલ પરિવાર. આજે લોકો સંયુક્ત કુટુંબમાં સરળતાથી જીવવા માટે પોતાની ધીરજ ગુમાવી બેસે છે, વડીલોના મૂલ્યોને આત્મસાત કરી ને અને યુવાનોને તેમના કુટુંબ થી દૂર રાખે છે . બાળકોની વાત કરીએ તો પોતાના દાદા-દાદી સાથે મહેમાનો કે મુલાકાતીઓ જેવા વર્તનની તેમનામાં  શરૂઆત થઈ ચૂકી છે,  જે વૃદ્ધાશ્રમો વધવાનું મુખ્ય કારણ છે. આમ બાળક એ પરિવારના વ્યવહારનો અરીશો કહેવાય છે, તે પરિવારના મોટા સદસ્યોને જેવું કરતાં જોશે તેવું જ આચરણ પોતાનું કરશે.

જો માનવ ઉત્થાન ના અર્થમાં સંસ્કૃતિ અને સભ્યતાની ઉપયોગિતાની  તો કરીએ તો જેમ આપણે ઉપર વાત કરી કે જીવનમાં ચાર આશ્રમ નું શું મહત્વ છે. આજના સમયમાં જ્યારે માણસ તેના શરીરની કાર્યક્ષમતાની હદ ને ભૂલી રહ્યો છે, કઈ ઉંમર માં કયું કાર્ય કરવું તેની સમજણ નથી રહી. ઘણા દીકરા-દીકરી ના લગ્ન 25 વર્ષથી ઓછી ઉંમરમાં માં કરાવી દેવામાં આવે છે, જયારે વેદ કહે છે કે 25 વર્ષની ઉંમર સુધીની બ્રહ્મચર્યાશ્રમ નું પાલન કરવું જોઈએ અને  શિક્ષા પ્રાપ્ત કરવી અને સ્થાયી થવું એ જ લક્ષ્ય હોવું જોઈએ જેથી કરીને વ્યક્તિ પગભર થાય અને તેને વ્યવહારિક જ્ઞાન હોય જેનો ઉપયોગ તે સુખી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા પછી કરી શકે. નાની ઉંમરમાં લગ્ન થઈ જવાથી ઓછી સમજ અને વ્યવહારિક જ્ઞાન હોવાથી લગ્ન સંબંધ વધારે સમય સુધી નથી ચાલતા. આપણે જોઈએ છીએ કે  વારંવાર વિદ્યાર્થીઓની આત્મહત્યા કરવાના સમાચાર માં આવે છે. તેનું એક માત્ર કારણ છે શિક્ષા પદ્ધતિ. વિદ્યાર્થીઓને  પરીક્ષા ની અને પરિણામની દૌડ઼ માં લગાવી દેવામાં આવે છે અને તેનો બીજો અસર થાય છે કે વિદ્યાર્થી વ્યસન એ ચડી જાય છે, ખરાબ વર્તન કરે છ. આ કારણ છે વિદ્યાર્થીઓ ને અપરા વિદ્યા ભણાવવાનો. અપરા વિદ્યા એટલે કે ભણતર રૂપી જ્ઞાન. જો તેમને પરા વિદ્યા એટલે કે મૂલ્યો વાળું ગણતર રૂપી જ્ઞાન  ભણવામાં આવે તો આવા દાખલા ની સંખ્યા ખૂબ જ ઓછી થઇ જશે. અપરા વિદ્યા ભણવા થી વિદ્યાર્થી માત્ર આર્થિક રીતે મજબૂત બની શકશે પણ પરા વિદ્યા ભણાવાથી વિદ્યાર્થી માનસિક અને સામાજિક રીતે પણ મજબૂત બની શકશે.

આપણી સંસ્કૃતિ અને સભ્યતાની અજી એક ધરોહર છે વસુધૈવ કુટુંમ્બક્મ. જેના થકી માનવ કલ્યાણ શક્ય છે.વસુધા એટલે પૃથ્વી અને કુટુંબ એટલે પરિવાર. આમ, 'વસુધૈવ કુટુંબકમ' નો અર્થ છે - આખી પૃથ્વી એક પરિવાર છે અને આ પૃથ્વી પર રહેતા તમામ મનુષ્યો અને પ્રાણીઓ એક પરિવારનો ભાગ છે. આપણે બધા જાણીએ છીએ કે માણસ એક સામાજિક પ્રાણી છે અને સમાજની પ્રથમ કડી કુટુંબ છે.કુટુંબ એ લોકોના સમૂહનું નામ છે જેઓ વિવિધ સંબંધોને કારણે એકબીજા સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા હોય છે. એવું નથી કે તેઓ ક્યારેય ઝઘડતા નથી કે મતભેદો નથી, પરંતુ આ બધું હોવા છતાં તેઓ એકબીજાના દુ:ખ અને સુખના સાથી છે.સંબંધની આ મજબૂત ભાવનાને કારણે, કુટુંબ એ બધા લોકોની પ્રથમ પ્રાથમિકતા છે. પરિવારના સભ્યો એકબીજા ની પાછળ ધકેલી ને નહીં પણ

એકબીજાને ટેકો આપીને આગળ વધે છે. જ્યારે વૈશ્વિક સ્તરે કુટુંબનું આ સ્વરૂપ બનાવવામાં આવે છે, ત્યારે તેને 'વસુધૈવ કુટુંબકમ' કહેવામાં આવે છે. સંબંધની આ મજબૂત ભાવનાને કારણે, કુટુંબ એ બધા લોકોની પ્રથમ પ્રાથમિકતા છે. પરિવારના સભ્યો એકબીજા ની પાછળ ધકેલી ને નહીં પણ એકબીજાને ટેકો આપીને આગળ વધે છે. જ્યારે વૈશ્વિક સ્તરે કુટુંબનું આ સ્વરૂપ બનાવવામાં આવે છે, ત્યારે તેને 'વસુધૈવ કુટુંબકમ' કહેવામાં આવે છે.

'વસુધૈવ કુટુંબકમ ની ભાવના થી પ્રભાવિત હોવાને કારણે, ભારતે પાછળથી દરેક જાતિ અને દરેક ધર્મના લોકોને આશ્રય આપ્યો અને અપનાવ્યો, પરંતુ જ્યારે સોળમી-સત્તરમી સદીમાં યુરોપમાં ઔદ્યોગિકરણ શરૂ થયું અને યુરોપિયન દેશોએ જ્યારે તેમની વસાહતો બનાવવાનું શરૂ કર્યું, ત્યારે 'વસુધૈવ કુટુંબકમ ની ભાવના સમગ્ર વિશ્વમાં ક્ષીણ થઈ ગઈ અને એક નવી વિભાવના 'રાષ્ટ્રવાદ નો જન્મ થયો, જે રાષ્ટ્ર પૂરતો મર્યાદિત હતો.

આજે માણસ ધર્મ, જાતિ, ભાષા, રંગ, સંસ્કૃતિ વગેરે નામે એટલો વિભાજીત થઈ ગયો છે કે તે બધા જ શાંતિપૂર્ણ સહ અસ્તિત્વ નો વિચાર ભૂલી ગયો છે. દરેક જગ્યાએ ચાલી રહેલી હિંસા, યુદ્ધ અને વૈમનસ્ય આનો પુરાવો છે. આજે આખું વિશ્વ વિવિધ જૂથો માં વહેંચાયેલું છે, જેઓ તેમના અધિકારો અને ઉદ્દેશ્યો થી વાકેફ છે, પરંતુ જો જોવામાં આવે તો સૌનો ઉદ્દેશ્ય વિકાસનો છે. તેથી, આજે દરેક વ્યક્તિએ દુશ્મનાવટ ભૂલીને 'વસુધૈવ કુટુંબકમ' ની સંસ્કૃતિ અપનાવવાની જરૂર છે, કારણ કે દરેકનો વિકાસ દરેકની સાથે રહેલો છે. જે દિવસે પૃથ્વી ના તમામ લોકો તેમના તમામ મતભેદો ભૂલીને એક પરિવારની જેમ વર્તવાનું શરૂ કરશે, તે દિવસે સાચી માનવતા નો ઉદય થશે અને 'વસુધૈવ કુટુંબકમ' નું સ્વપ્ન સાકાર થશે. [2]

## પૃષ્ઠભૂમિ

મેં મારા આ અધ્યયનમાં ભારતીય જ્ઞાન પરંપરાના  વેદ ઘટકનો ઉપયોગ કર્યો છે. આપણા આ ચાર વેદ ભારતની આપણી પૌરાણિક સંસ્કૃતિ અને સભ્યતાના પાયા સમાન છે. જો માનવ પરંપરાના ઉત્થાન માટે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા નું અધ્યયન કરવું હોય તો વેદ ખુબ જ સહાયક સિદ્ધ થઇ શકે હે. વેદોમાં જ જ્ઞાન છે તે અત્યારના સમયની સંસ્કૃતિ અને સભ્યતાના પ્રતિબિંબ સમાન છે.

તે જાણીતું છે કે વેદ એ આખા વિશ્વમાં સૌથી જૂની હયાત સાહિત્યિક કૃતિ છે. વેદોમાં ત્રણ પ્રકારના મંત્ર હોવાથી વેદોને ક્યારેક ટ્રાય તરીકે પણ ઓળખવામાં આવે છે; એટલે કે જે છંદોબદ્ધ રચના છે, જે ગદ્ય સ્વરૂપમાં છે અને હજુ સુધી અન્ય કે જે સંગીત પર આધારિત છે. આપણી પરંપરા કહે છે કે ભગવાન વેદ વ્યાસે વેદોનું સંકલન કર્યું હતું મોટે ભાગે આ ત્રણ સ્વરૂપો પર આધારિત છે; જેથી

- ઋગ્વેદ છંદોબદ્ધ સ્વરૂપમાં મંત્રોનો સંગ્રહ બન્યો
- યજુર્વેદ ગદ્ય સ્વરૂપે મંત્રોના સંગ્રહમાં આવ્યો
- સામવેદ એ મંત્રોનો સંગ્રહ છે જે સંગીત પર આધારિત છે
- ઋષિ અથર્વ અને અંગીરસ ના કારણે અથર્વવેદ મંત્રોનો સંગ્રહ બન્યો

ઉપરોક્ત ઉલ્લેખિત વેદોમાં બે મુખ્ય ભાગો હોવાનું કહેવાય છે: સંહિતા (જેને મંત્ર કહીને  પણ ઓળખવામાં આવે છે) અને બ્રાહ્મણ. કેટલાક વિદ્વાનો અભિપ્રાય આપે છે કે બ્રાહ્મણ છે તે સંહિતાઓ  ના વિસ્તૃત વર્ણન છે કેટલીક જગ્યાએ, આપણે જોઈએ છીએ કે બ્રાહ્મણ માં બે વધુ પેટા-ભાગો છે, એટલે કે આરણ્યક અને ઉપનિષદ. પરિણામે, ઘણા વિદ્વાનો કહે છે કે સંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ એક સાથે વેદ બનાવે છે.

કવિતા ના રૂપમાં ઋષિઓના અનુભવ મંત્ર તરીકે જાણીતા થયા, જે વેદ ની સામગ્રી બનાવે છે. દરેક મંત્ર ઋષિ સાથે સંકળાયેલો છે (તેથી ઋષિ મંત્ર-દ્રષ્ટા તરીકે ઓળખાય છે, શાબ્દિક રીતે મંત્રનો દ્રષ્ટા/શોધક), દેવતા અને છંદ; જોકે ત્યાં અપવાદ હોઈ શકે છે. વેદ શબ્દ પોતે, મૂળ વિદ શબ્દ માંથી આવે છે જેનો અર્થ થઇ છે  જાણવું, એટલે જ્ઞાન; અને વેદોને સાહિત્યના તમામ જ્ઞાનના ભંડાર તરીકે

આદરણીય કરવામાં આવ્યા. તેથી, તે ખૂબ જ માનવામાં આવે છે આ જ્ઞાનને જેમ હતું તે જ રીતે સાચવવું મહત્વપૂર્ણ છે.

વેદ વિવિધ રીતે મૌખિક રીતે શીખવા, પઠન અને પ્રસારિત કરવામાં આવતા પઠાણ કરવાની રીત આજની તારીખ માં પણ સચવાયેલી છે અને ગુરુકુળમાં વેદો શીખવા જતા વિદ્યાર્થીઓને તે પરંપરાગત રીતે મૌખિક પ્રસારિત કરવામાં આવે છે. પઠનની કેટલીક રીતો નીચે મુજબ છે:

- સંહિતા-પાઠ: ધ્વન્યાત્મક નિયમો અને સ્વ રચના દ્વારા બંધાયેલ સતત પાઠ
- પાદ-પાઠ: દરેક શબ્દ પછી સભાન વિરામ દ્વારા ચિહ્નિત થયેલ પાઠ, આમ દરેક શબ્દને તેના મૂળ હેતુ વાળા સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરવા
- ક્રમ-પાઠ: ઉદા: શબ્દ 1 શબ્દ 2 શબ્દ 2 શબ્દ 3 શબ્દ 3 શબ્દ 4 અને આગળ તેથી વધુ.
- ધના-પાટ: ઉદા: શબ્દ 1 શબ્દ 2 શબ્દ 2 શબ્દ 1 શબ્દ 1 શબ્દ 2 શબ્દ 3 શબ્દ 3 શબ્દ 2 શબ્દ 1 શબ્દ 1શબ્દ 2 શબ્દ 3 અને આગળ તેથી વધુ.

વેદો ની જાળવણી માટેના આ બધા પ્રયત્નો દર્શાવે છે કે આપણા પૂર્વજો જ્ઞાનની કેટલી કાળજી રાખતા હતા અને તેના દરેક અક્ષર ને સાચવવાનો પ્રયત્ન કર્યો. ઘણા સહસ્ત્રાબ્દી વીતી ગયા પછી પણ ઉપરોક્ત યોજનામાં એક અક્ષરમાં પણ ભૂલ થઇ શકે એમ નથી. એવું બની શકે છે કે, કુદરતી આફત ને કારણે (જેમ કે ધરતીકંપ, સુનામી, દુષ્કાળ, પૂર) જે એક સંપૂર્ણ સભ્યતાને પણ અસર કરી શકે છે, તેના કારણે વૈદિક લખાણનો એક સંપૂર્ણ ભાગ ખોવાઈ શકે છે; પરંતુ એવું ક્યારેય ન થઈ શકે કે એક અક્ષર પણ ભૂલભરેલું લખાયુ હોઈ. તેથી, આવા સંપૂર્ણ જાળવણીને કારણે વૈદિક ગ્રંથો, જેમ કે વેદો જેટલા સારા પુરાતત્વીય સ્ત્રોતો તરીકે ગણવામાં આવે છે તેટલા જ સંશોધન અને અધ્યયનના કર્યો માં પણ સારા ગણવામાં આવે છે.[4]

પ્રોજેક્ટ નું વર્ણન

આ અધ્યયન ગુજરાત રાજ્યના રાજકોટ શહેર માં કરવામાં આવ્યો છે. શોધકર્તા એ આ અધ્યયન તેમના કૉલેજની પુસ્તકાલયમાં કર્યું છે. શોધકર્તાનું આ અધ્યયન પુસ્તકાલય સુધી સીમિત હતું. શોધકર્તા એ આ અધ્યયન સંપૂર્ણ કરવા માટે રામકૃષ્ણ આશ્રમના પુસ્તક ભવનનો પણ ઉપયોગ કર્યો છે.

પ્રક્રિયા

આ અધ્યયન કરવા માટે શોધકર્તા એ સૌ પ્રથમ ગૌણ માહિતી વિશ્લેષણ પદ્ધતિ નો ઉપયોગ કર્યો છે. શોધકર્તા એ પુસ્તકાલય માં મળતી પુસ્તકો અને ઈન્ટરનેટ દ્વારા માહિતી મેળવીને તેમનું અધ્યયન કર્યું છે. સાથે સાથે શોધકર્તા એ તેમના માર્ગદર્શકર્શ સાથે જરૂરી મદ્દે ઝીણવટભરી ચર્ચા પણ કરી છે. આમ શોધકર્તા એ પોતાના સંશોધન કાર્ય ન્યાય આપ્યો છે.

પરિણામ

- ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના વૈવિધ્યસભર વારસાનું દર્શન.
- સામાન્ય અભ્યાસ પર થી એ જાણવા મળ્યું કે માનવીય પરંપરાના ઉત્થાનના મૂળ એ કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિ-સભ્યતા સાથે જોડાયેલ છે.
- માનવીય પરંપરાને ટકી રહેવા માટે દરેક માનવ સમુદાય પોતાની સંસ્કૃતિ અને સભ્યતા પ્રમાણે જીવવું અને તે સંસ્કારને આવનાર પેઢી સુધી પહોંચાડવા તે પ્રાથમિક કાર્ય છે તેવું સ્પષ્ટ થયું.
- સંસ્કૃતિ અને સભ્યતા જો સમૃદ્ધ હશે તો માનવ પરંપરાનું ઉત્થાન સંભવ છે.

- વેદોમાં જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને અમલમાં લઇ લોકો એક સમૃદ્ધ અને સફળ જીવન જીવી શકે છે.

ચર્ચા

આવનાર સમયમાં હજુ વધુ ગહન અધ્યયન પછી ભારતીય સંસ્કૃતિ-સભ્યતા નો આંતરસબંધ જાણીને વ્યવસ્થાગત સચોટ માહિતી, પુરાવા અને ઠોસ ઉત્તર મેળવી શકાય કે જેના સહારે ભારતીય સંસ્કૃતિ-સભ્યતા એ ખરા અર્થમાં ઉન્નતિ ને ઉત્થાનના માર્ગે અગ્રેસર રહે તે માટેનો એક પ્રયાસ રહેશે.

નિષ્કર્ષ

ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા આપણા સમાજ ની અમૂલ્ય સંપત્તિ છે વળી તે વિશ્વમાં સૌથી જૂની સંસ્કૃતિ-સભ્યતા માંથી એક છે . ઘણા ઉતાર ચઢાવ નો સામનો કરવા છતાં ભારતીય સંસ્કૃતિ ને સભ્યતા હજુ સુધી અડીખમ છે તે આપણાં માટે ગૌરવ ની વાત છે. સંસ્કૃતિ એ રાષ્ટ્ર નો આત્મા છે. સંસ્કૃતિ અને સભ્યતાના આધારે એક રાષ્ટ્ર ના ભૂતકાળ અને વર્તમાનની સમૃદ્ધિ નો અનુભવ કરી શકાય છે. સંસ્કૃતિ-સભ્યતા એ માનવ જીવનના મૂલ્યોનો સંગ્રહ છે, જે તેને સ્થાપિત કરે છે.

સંસ્કૃતિ અને સભ્યતા એક જ સિક્કાના બે ચહેરા છે, તેઓ વ્યવસ્થાના ભાગરૂપે સહ-અસ્તિત્વ ધરાવે છે. સભ્યતા એ સંસ્કૃતિની પ્રગતિ છે અને બંને સુમેળમાં સાથે રહે છે. બને ને ઓળખવા માટે સમાન માધ્યમની જરૂર છે અને તે છે માનવ સંપર્ક. બને ને વ્યક્ત કરવા માટે એક માધ્યમની જરૂર છે એટલે કે જે સમાજમાં આપણે જીવીએ છીએ. બંને સમયના પરિવર્તન ને આધિન છે અને માનવ પેઢી એ સંસ્કૃતિમાં વિવિધતા અને સુધારો લાવે છે. આ વસ્તુ માનવને સમજવી પડશે અને સંસ્કૃતિ અને સભ્યતા ને જાળવી રાખવા પ્રયત્નો કરવા પડશે.

સદીયો થી થતા વિદેશી આક્રમણો અને આજ ની પશ્ચિમી સંસ્કૃતિ ને કારણે આપણી સંસ્કૃતિ અને સભ્યતાને જે નુકસાન થયું છે તેનો અસર લાંબા ગાળા સુધી રહેશે પણ જો આપણે તે અસર ને ઓછો કરવો હોઈ તો ફરી પૌરાણિક એટલે કે વૈદિક સંસ્કૃતિ તરફ પ્રયાણ કરવું પડશે. આ કરી ને ખરા અર્થમાં માનવ પરંપરા નું ઉત્થાન થશે અને વસુધૈવ કુટુમ્બકમની ભાવના સિદ્ધ થશે.

એકનોલેજમેન્ટ

સૌ પ્રથમ હું AICTE ના IKS ડિવિઝન નો આભાર માનું છું કે મને આ પ્રોજેક્ટ કરવાની તક આપી. હું મારા મેન્ટર રત્નોત્તર જીગર ભાનુશંકર સર નો ખુબ જ આભાર માનું છું કે જેમના માર્ગદર્શન હેઠળ હું આ પ્રોજેક્ટ સારી રીતે પૂરો કરી શક્યો. હું આત્મીય યુનિવર્સિટી, રાજકોટ નો આભાર માનું છું જ્યાં અત્યારે હું અભ્યાસ કરું છું, જ્યાં એવું વાતાવરણ ઉપલબ્ધ છે જેથી આ પ્રકાર ના અધ્યયન થઈ શકે. અને છેલ્લે હું આ સમસ્ત અસ્તિત્વ નો આભાર માનું છું કેમ કે તેના સહયોગ વિના હું અધ્યયન ક્યારેય પૂરો ન કરી શક્યો હોત.

સંદર્ભો

[1] ભારતનો સાંસ્કૃતિક ઇતિહાસ, રજની વ્યાસ, ગુર્જર સાહિત્ય પ્રકાશન; પહેલી આવૃત્તિ (1 જાન્યુઆરી 2016)

[2] https://www.essaysinhindi.com

[3] https://courses.lumenlearning.com

[4] https://fdp-si.aicte-india.org

[5] Dr. Binod Bihari Satpathy, INDIAN CULTURE AND HERITAGE, DDCE/M.A Hist./Paper-VIII.
[6] भारत एक खोज (1946), पंडित जवाहरलाल नेहरू
[7] व्यवहारवादी समाजशास्त्र, ए. नागराज, संस्करण द्वितीय (२००९), जीवन विद्या प्रकाशन, श्री भजनाश्रम, श्री नर्मदांचल मं , अमरकंटक, जिला- शहडोल (म. प.).
[8] https://www.thehansindia.com
[9] https://indiafoundation.in
[10] मानव व्यवहार दर्शनर्श , ए. नागराज, संस्करण- पांचवा, मद्रुण- १४ जनवरी २०११, जीवन विद्या प्रकाशन, श्री भजनाश्रम, श्री नर्मदांचल मं , अमरकंटक, जिला- अनपू रु (म.प.).
[11] https://www.nios.ac.in
[12] https://www.gkgujarati.com
[13] સાધુ વિવેકસાગરદાસ (2009), શિક્ષા વલ્લી, BAPS સ્વામિનારાયણ સંસ્થા શાહીબાગ, અમદાવાદ
[14] https://tamilandvedas.com
[15] https://toistudent.timesofindia.indiatimes.com
[16] https://asiasociety.org
[17] https://egyankosh.ac.in
[18] https://ncert.nic.in
[19] https://vasudaikakutumbam.wordpress.com
[20] https://vidyaonline.org